S.R.F.D.C.L.
આ.નં.: 248
તારીખ: 29-5-18

એસ્ટેટ મધ્યસ્થ કચેરી : જનરલ પત્ર

એસ્ટેટ/ટી.ડી.ઓ.
સા.રી.ફ્.ડે.કો.લી.
તા.૨૮.૦૫.૨૦૧૮

પ્રતિ,
**એસ્ટેટ ઓફિસરશ્રી**
જાહેરખબર વિભાગ, એસ્ટેટ ખાતુ

**વિષય:** સાબરમતી રીવરફ્રન્ટ રોડ ફેસીગ પર ઉભા થનાર હોર્ડીગ્સ બાબત.

ઉપરોક્ત વિષયાન્વયે જણાવવાનું કે, સાબરમતી રીવર ફ્રન્ટ બાઉન્ડ્રી થી ૨૦૦ મીટર સુધીનાં અંતરે રોડને સમાંતર કેટલીક ખાનગી જગ્યામાં હોર્ડીગ્સ રીવરફ્રન્ટ ફેસીગ મુકવામાં આવતા હોવાનું માલુમ પડેલ છે. ઉપરોક્ત બાબતને ધ્યાને લેતાં સાબરમતી રીવર ફ્રન્ટના પશ્ચિમ તથા પૂર્વ તરફ રોડને સમાંતર પ્રોજેક્ટ બાઉન્ડ્રીથી ૨૦૦ મીટર સુધીના અંતરમાં આવેલી ખાનગી માલિકીના રે.સ.નં, સી.સ.નં, ફા.પ્લોટ, ની જમીન પર ગ્રાઉન્ડ લેવલે કે તેમાં થયેલ બાંધકામનાં ધાબા પર સાબરમતી રીવર ફ્રન્ટ તરફ ફેસીંગ કરી મુકવામાં આવનાર જાહેરાતનાં હોર્ડીગ્સ બાબતે મે.મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની તા.૧૯.૦૫.૨૦૧૮ના રોજ મળેલ મંજુરીની કોપી આ સાથે સામેલ કરેલ છે. જે અંર્તગત

(૧) સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેકટની પૂર્વ તથા પશ્ચિમ બાઉન્ડ્રીથી ૨૦૦ મીટરના અંતરમાં થયેલ કે થનાર બાંધકામ કે ખુલ્લી જમીન પર જાહેરાતના હોર્ડીગ્સ રીવરફેસીગ મુકવાની મંજુરી આપતાં પહેલાં અત્રેના વિભાગનો અભિપ્રાય મેળવવાનો રહેશે.

(૨) આવા જાહેરાતના હોર્ડીગ્સ મુકવાની મંજુરી આપતાં પહેલાં અ.મ્યુ.કો.ની નીતિ મુજબ ભરવાની થતી વાર્ષિક ફી અને લાગુ પડતાં ટેક્ષ સાથેના નાણાં અ.મ્યુ.કો.ઉપરાંત સા.રી.ફ્.ડે.કો.લી.માં પણ દર વર્ષે ભરાવવાના રહેશે.

ઉપરોકત વિગતો ધ્યાને લઇ આપનાં વિભાગેથી દરેક ઝોનમાં આ બાબતની જાણ કરતો સરકયુલર થવા વિનંતી છે.

૨૮.૦૫.૧૮

ટી.ડી.આઇ. | આસી.સી.પી.ઓ. | જનરલ મેનેજર(પ્લા.એન્ડ ડેવ.)
સા.રી.ફ્.ડે.કો.લી.

**નકલ રવાના :** ડે.ટી.ડી.ઓ./ડે.એસ્ટેટ ઓફિસર (પશ્ચિમ/ પૂર્વ/ ઉત્તર/ દક્ષિણ/ મધ્ય/ નવા પશ્ચિમ ઝોન) તાકીદે અમલ કરવા સારુ

ડે. એસ્ટેટ ઓફિસરશ્રી,
(પશ્ચિમ, પૂર્વ, ઉત્તર, દક્ષિણ, મધ્ય, નવા પશ્ચિમ) ઝોન
એસ્ટેટ મ.ક. ... ૧૨૫, તા: ૨૯/૫/૧૮ થી
આવેલ સદર સા.રી.ફ્.ડે.કો.લી.ના પત્રની વિગતો ધ્યાને લઈ, આનુષાંગિક કાર્યવાહી થવા વિનંતી છે.

* નકલ રવાના :
સી.ઈ.ઓ.શ્રી, એડવિઝનAMC
તરફ ઈ-મેઈલથી મોકલી,
સંબંધિત પત્રો ઓનલાઈન
મુકવા તથા તમામ એજન્સીઓ/
જાહેરાતદારોને ઈ-મેઈલ કરી
તાકીદે જાણ કરવા સારુ...

૪/૬/૧૮

આસી.એસ્ટે.ઓ. | ડે.એસ્ટે.ઓફી. | એસ્ટેટ ઓફિ.